<u>Hemchandracharya North Gujarat University,Patan</u>

<u>CCC રજીસ્ટ્રેશન માટે અગત્યની સૂચનાઓ</u>

A. FIRST PAHSE : Registration Process ( હાલમાં ચાલુ રાખવામાં આવેલ છે. )
B. SECOND PAHSE : Verification Process ( ટૂંક સમયમાં શરૂ કરવામાં આવનાર છે.)
C. THIRD PHASE : Examination Process
D. FOURTH PAHSE : Result Process
E. FIFTH PAHSE : Result Verification Process

## A. FIRST PAHSE : Registration Process

૧. ઓનલાઈન રજીસ્ટ્રેશન તા.૦૬/૦૭/૨૦૧૬ થી શરૂ થયેલ છે. ઉમેદવારે ઓનલાઈન રજીસ્ટ્રેશન યુનિવર્સિટીની વેબસાઈટ www.ngu.ac.in ની Link: <u>" CCC –Examination For Government Employee"</u> પર જઈને કરાવવાનું રહેશે. ઓનલાઈન રજીસ્ટ્રેશન વખતે ઉમેદવારે પ્રથમ પોતાનું રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજીસ્ટ્રેશન કરાવવા માટે ઉમેદવારે New User Login માં પોતાનું નામ (સર્વિસબુક પ્રમાણે), મોબાઈલ નંબર, ઈ–મેલ એડ્રેસ અને પાસવર્ડ એન્ટર કરવાનો રહેશે. ઉપરની માહિતી એન્ટર કરવાથી રજીસ્ટ્રેશન પ્રોસેસ પૂર્ણ થશે. ત્યારબાદ જમણી બાજુ Registered User Login માં ઉમેદવારે USER NAME માં મોબાઈલ નંબર ( કોઈપણ એક) અને પાસવર્ડ એન્ટર કરવાથી ઉમેદવાર લોગીન થઈ શકશે.

૨. લોગીન થયા બાદ ફોર્મ ભરવા માટેની સૂચનાઓ આવશે જે સંપૂર્ણપણે વાંચીને I have read all the instruction પર √ કરી PRESS AHEAD કરવાનું રહેશે. ત્યારબાદ COURSE NAME : CCC સીલેકટ કરવાનું રહેશે.

૩. ઉમેદવારે લોગીન થયા બાદ Personal details, organization details **અને** Payment details એન્ટર કરવાની રહેશે Declaration Details માં દર્શાવેલ યાદીમાંથી કોઈપણ એક ID PROOF પર ટીક કરી તેનો નંબર ફરજીયાત એન્ટર કરવાનો રહેશે. અને તેજ Original ID PROOF અને તેની ઝેરોક્ષ ઉમેદવારે પરીક્ષા દરમ્યાન ફરજીયાત લીવવાની રહેશે. ઉમેદવારે અંતમાં submit બટન પર √ કરી સંપૂર્ણ માહિતી સેવ કરવાની રહેશે. ઉમેદવારે ભરેલ માહિતીનું પ્રિવ્યુ પ્રિન્ટ પ્રિવ્યુ પર કલીક કરવાથી જોઈ શકાશે. ઉમેદવારે ભરેલ સંપૂર્ણ માહિતીમાં કોઈપણ પ્રકારની ભૂલ ન હોય તે ચકાસીને જ ફોર્મની પ્રિન્ટ કાઢવાની રહેશે.

૪. ભરેલ માહિતીમાં જો કોઈ ભૂલ જણાયતો EDIT MODE માં જઈ ઉમેદવાર ફોર્મની વિગતમાં ફેરફાર કરી શકશે. એક વખત પ્રિન્ટ લીધા પછી કોઈ જ માહિતી બદલી શકાશે નહીં. ભરેલ માહિતીમાં ફાઈનલ પ્રિન્ટેડ કોપીમાં ઉમેદવારે પોતાનો પાસપોર્ટ સાઈઝનો ફોટો લગાવી અને ખાતામાં વડા / આચાર્યની સહી તથા સિક્કો કરાવીને જરૂરી સ્પીડ પોસ્ટ કે રૂબરૂ હેલ્પ સેન્ટર પર જમા કરાવવાના રહેશે. સહી તથા સિક્કા વગરના ફોર્મ અધુરા ગણાશે અને સ્વીકારવામાં આવશે નહીં.

૫. હેલ્પ સેન્ટર પર વેરીફીકેશન દરમ્યાન ઓનલાઈન જનરેટ થયેલ ફોર્મ અને ઉમેદવારે સ્પીડ પોસ્ટ કે રૂબરૂ હાર્ડકોપીમાં જમા કરાવેલ ફોર્મની માહિતીમાં જો કોઈ વિસંગતતા કે ફરક જણાશે તો તે રજીસ્ટ્રેશન ફોર્મ રદ કરવામાં આવશે. જેની ઉમેદવારે ખાસ નોંધ લેવી. **હેલ્પ સેન્ટર પર વેરીફીકેશન થયા બાદ જ ઉમેદવારનો સીટ નંબર ફાળવવામાં આવશે. સીટ નંબર ફળવાયા બાદ જ તેઓની પરીક્ષા લેવામાં આવશે. ત્યારબાદ યુનિવર્સિટી ધ્વારા પરીક્ષાનો કાર્યક્રમ નકકી થયે યુનિવર્સિટીની વેબસાઈટ પર મૂકયા બાદ તેની પરીક્ષા લેવામાં આવશે.**

૬. રજીસ્ટ્રેશન ફી રૂ. ૧૦૦/– (માત્ર થીયરી પરીક્ષા માટે), રૂ. ૧૦૦/– (માત્ર પ્રેકટીકલ પરીક્ષા માટે), રૂ.૨૦૦/– (થીયરી અને પ્રેકટીકલ પરીક્ષા માટે) છે. જે ઉમેદવારે Online Payment / ચલણ થી ભરવાની રહેશે.

૭. રજીસ્ટ્રેશન ફોર્મ તથા કચેરી તરફથી મળેલ ઓળખપત્રમાં નામ સરખું હોવું જરૂરી છે. જો નામ માં તફાવત હશે તો અરજી સ્વીકારવામાં આવશે નહીં.

૮. યુનિવર્સિટીના હેલ્પ સેન્ટર ખાતે જમાં કરવાના ડોકયુમેન્ટ્સ નીચે મુજબના હોવા જાઈએ.

   i. ઓરીજનલ રજીસ્ટ્રેશન ફોર્મની ફાઈનલ છેલ્લી પ્રિન્ટઆઉટ કોપી, ઉમેદવારની સહી તથા ફોટો અને HOD ની સહી –સિક્કા સાથે.
   ii. E-Receipt / Original bank Chalan Copy .
   iii. ઓળખપત્ર ની નકલ (હાલની સર્વિસનું ઓળખપત્ર)
   iv. એપોઈન્ટમેન્ટ લેટર,
   v. રજીસ્ટ્રશન ફોર્મમાં સીલેકટ કરેલ ID PROOF ની નકલ
   vi. કવર ઉપર "CCC Exam Form" સાથેનું સંપૂર્ણ સરનામું લખવાનું રહેશે.

૯. **ઉમેદવારે પોતાનું ફોર્મ સ્પીડ પોસ્ટ ધ્વારા HNGU માં દર્શાવેલ પુરાવા સાથે નીચેના સરનામાં પર પહોંચાડવાનાં રહેશે. જો ફોર્મમાં અધૂરી માહિતી, વિસંગતતા કે અપૂરતા દસ્તાવેજ હશે તો તે ફોર્મ રદ ગણવામાં આવશે જેની કલક ધ્વારા જાણ કરવામાં આવશે.**

પ્રતિ,
એડમીશન સેલ, ગર્વમેન્ટ સી.સી.સી.પરીક્ષા
ગણિતશાસ્ત્ર વિભાગ ,
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, યુનિવર્સિટી રોડ પાટણ – ૩૮૪૨૬૫

૧૦. ઉમેદવાર સાથે કોઈપણ પ્રકારનું Personal Communication કરવામાં આવશે નહી વધુ માહિતી માટે ઉમેદવારે વખતોવખત યુનિવર્સિટીની વેબસાઈટ www.ngu.ac.in જોતા રહેવું .

## ખાસ અગત્યની સૂચના

- રાજય સરકારશ્રીના આદેશાનુસાર સરકારશ્રીના કર્મચારી મિત્રોની ટોકન ફી લઈ "CCC- EXAM" ના રજીસ્ટ્રેશનથી પરીક્ષાના પરિણામ સુધીના તમામ પ્રક્રિયા આ યુનિવર્સિટી ધ્વારા હાથ ધરવામાં આવેલ છે. રાજય સરકારશ્રી કે યુનિવર્સિટી ધ્વારા વધારાના કોઈજ પ્રકારના કાયમી મહેકમની વ્યવસ્થા કરવામાં આવેલ ન હોઈ દરેક કર્મચારી મિત્રોએ યુનિવર્સિટી વેબસાઈટ પર મૂકવામાં આવેલ માહિતી Authentic માની Updated માહિતી પ્રમાણે અનુસરવાનું રહેશે.વખતો વખત સૂચનાઓ વેબસાઈટ પર મૂકવામાં આવશે જેથી દરેક કર્મચારી મિત્રોએ વેબસાઈટ અવાર નવાર જોતા રહેવાની ખાસ સૂચના આપવામાં આવે છે.

- રાજય સરકારશ્રીના કર્મચારીએ "CCC- EXAM" માટે પોતાના લોગીન આઈડી ધ્વારા પોતાની તમામ વિગતો (Personal Information) પોતાના ધ્વારા રજીસ્ટ્રશન ફોર્મમાં ભરવાની રહેશે. જો સદર ફોર્મમાં કોઈપણ પ્રકારની ભૂલ જણાયતો લોગીન આઈડીથી પોતાના ધ્વારા તે પોતેજ સુધારી શકશે તેવી વ્યવસ્થા છે તેથી વેરીફીકેશન સમયે રજીસ્ટ્રશન ફોર્મમાં રહેલ કોઈપણ પ્રકારની ભૂલ તમારી પર્સનલ માહિતી હોવાના કારણે અત્રેથી સુધારી શકાય તેમ ન હોવાથી ઉમેદવારે રજીસ્ટ્રશન ફોર્મમાં ભૂલ હોય તો ઉમેદવારે પોતાના લોગીનમાં યુઝર આઈડી અને પાસવર્ડથી લોગીન થઈને ભૂલ જાતે સુધારીને તે ફોર્મની પ્રિન્ટ આઉટ માં સંસ્થાના ફરીથી સહિ સીકકા કરવવાની પ્રોસેસ કરવી પડે અને ફરીથી વેરીફીકેશન માટે અત્રેની ઓફીસ ખાતે આવવાનું રહે જેથી દૂરથી આવનાર ઉમેદવાર તકલીફ પડે સાથે સમયનો પણ વ્યય થાય **તેથી રજીસ્ટ્રશન ફોર્મ રૂબરૂ સ્વીકારવામાં આવનાર નથી. જેથી ઉમેદવારે પોતાનું ફોર્મ સ્પીડ પોસ્ટ ધ્વારા જ મોકલવાનું રહેશે.**

નોંધઃ **ઉમેદવારે પોતાનું ફોર્મ સ્પીડ પોસ્ટ કરતા પહેલા વેરીફીકેશન માટેની સૂચનાઓ વેબસાઈટ પરથી વાંચવી.**